**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=============================================================

## અમદાવાદ ખાતેની ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં

## આર/મિસ્ક. સિવિલ એપ્લિકેશન નં. ૯૦ /૨૦૧૯

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી એન. વી. અંજારિયા**

| | | |
|---|---|---|
| ૧. | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે? | હા. |
| ૨. | રિપોર્ટરને રીફર કરવું કે કેમ? | હા. |
| ૩. | શું ન્યાયમૂર્તિશ્રી ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના. |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે | ના. |

| | | |
|---|---|---|
| | હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |

==========================================================

મનભૂપિન્દરસિંહ અટવાલ પિતા બરિન્દરસિંહ અટવાલ

વિરુદ્ધ

નીરજ કુમારપાલ શાહ

==========================================================

ઉપસ્થીતી:-

અરજદાર(ઓ) નં. ૧ માટે શ્રી શાલીન મહેતા, સિનિયર એડવોકેટ સાથે શ્રી પાર્થ કોન્ટ્રાક્ટર(૭૧૫૦)

સામાવાળા(ઓ) નં. ૧ માટે જી એચ વીર્ક(૭૩૯૨)

સામાવાળા(ઓ) નં. ૨ માટે શ્રી એન ડી નાનાવટી, સિનિયર એડવોકેટ સાથે શ્રી હિમાંશુ સી દેસાઇ(૬૮૩૨)

સામાવાળા(ઓ) નં. ૩ માટે શ્રી એમ એન મારફતિયા(૬૯૩૦)

સામાવાળા(ઓ) નં. ૪ માટે પી એમ બુચ(૭૩૮૩)

==========================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિશ્રી એન. વી. અંજારિયા**

**તારીખ : ૨૧/૦૬/૨૦૧૯**

**સીએવી ચુકાદો**

આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિયેશન એક્ટ, ૧૯૯૬ ની કલમ ૯ ની ઉપ–કલમ (૩) ના સંદર્ભમાં, જ્યારે પક્ષકારો દ્વારા આર્બિટ્રલ ટ્રિબ્યુનલને અગાઉથી જ ચાલુ રાખવામાં આવેલ હોય અને અરજદારે એક્ટની કલમ ૧૭ હેઠળના ઉપાયનો આશરો લીધો હોય, જેથી એક્ટની કલમ ૧૭ હેઠળના સદર ઉપાયને અસરકારક ન ગણવા માટે, એક્ટની કલમ ૯(૧)(ii) હેઠળ દાખલ કરાયેલી હાલની અરજીને ગ્રાહ્ય રાખવી જરૂરી છે કે કેમ; શું કેસની હકીકતોમાં, એવી પરિસ્થિતિઓ અસ્તિત્વમાં છે જે કલમ ૧૭ હેઠળ આપવામાં આવેલા ઉપાયને અસરકારક ન બનાવે – તે વિચારણા માટેનો મુખ્ય પ્રશ્ન છે.

૨. હાલની મિસલેનિયસ સિવિલ એપ્લિકેશન દ્વારા, અરજદારે પક્ષકારો વચ્ચેની આર્બિટ્રેશન કાર્યવાહી, જે બાકી છે, તેનો નિકાલ ન થાય ત્યાં સુધી વચગાળાના પગલાં મેળવવા માટે આર્બિટ્રેશન એન્ડ કોન્સિલિયેશન એક્ટ, ૧૯૯૬ (હવે પછી તેને 'આર્બિટ્રેશન એક્ટ' તરીકે ઉલ્લેખવામાં આવશે) ની કલમ ૯ નો આશરો લેવા માગણી કરી છે.

૨.૧ સામાવાળા નં.૧ અને ૨ ને આ કોર્ટ સમક્ષ જામીન પેટે રૂ. ૨૧.૧૮ કરોડ જમા કરાવવા નિર્દેશ આપવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. વિકલ્પરૂપે, કોર્ટની દેખરેખ હેઠળ એસ્ક્રો એકાઉન્ટ ખોલવા માટે પ્રાર્થના કરવામાં આવી છે. અરજદારે સામાવાળા નં.૧ અને ૨ ને તેમની સંબંધિત મિલકતો, રોકડ સિલક ધરાવતા બેંક ખાતાઓ, ઇનકમ–ટેક્સ રિટર્ન્સ, બેંક લોકરની વિગતો, ઇક્વિટી હોલ્ડિંગ, મ્યુચ્યુઅલ ફંડ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ અને આવી અન્ય વિગતો જાહેર કરતું સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપવા માટે વધુમાં પ્રાર્થના કરી છે. અરજદાર તે વિગતો સંબંધિત અસલ દસ્તાવેજો ઇચ્છે છે. એવી પણ પ્રાર્થના કરવામાં આવી છે કે આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા વિવાદોનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સામાવાળા નં.૧ ને ભાગીદારી પેઢીની બાબતોમાં દખલગીરી કરવાથી દૂર રાખવા. સામાવાળા નં.૨ ને સામાવાળા નં.૧ ની સાથે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કૌભાંડમાં કામ કરવાથી દૂર રહેવા નિર્દેશ આપવા માટે પણ પ્રાર્થના કરવામાં આવી છે. અરજદાર સામાવાળા નં.૧ ભાગીદારી પેઢીને લગતા તમામ અસલ દસ્તાવેજો પરત કરે તેમ ઇચ્છે છે. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬ વચ્ચેના સમયગાળા દરમિયાન ભાગીદારી પેઢી વતી તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા અને અમલમાં મૂકાયેલા તમામ દસ્તાવેજો, કરારો અને વ્યવહારો, સોદાઓ અને વાટાઘાટોની તમામ પ્રમાણિત નકલો પૂરી પાડવા માટે સામાવાળા નં.૧ ને નિર્દેશ આપવાની પણ પ્રાર્થના છે.

૨.૨ શરૂઆતમાં એ જણાવવું જરૂરી છે કે હાલના અરજદારે અગાઉ સમાન રાહત માટે સિટી સિવિલ કોર્ટ સમક્ષ એક્ટની કલમ ૯ હેઠળ એપ્લિકેશન નં.૧૧૯/૨૦૧૬ દાખલ કરી હતી. એવું જણાય છે કે તે દરમિયાન અરજદારે પ્રેસિાઈડિંગ આર્બિટ્રેટરની નિમણૂક માટે સર્વોચ્ચ અદાલત સમક્ષ આર્બિટ્રેશન એક્ટની કલમ ૧૧(૬) હેઠળ અન્ય કાર્યવાહી શરૂ કરી હતી, જે કાર્યવાહીમાં સુપ્રીમ કોર્ટે ૨૪મી એપ્રિલ, ૨૦૧૭ ના રોજ આદેશ પસાર કર્યો હતો અને હાલના આર્બિટ્રેશનને આંતરરાષ્ટ્રીય વાણિજિયક આર્બિટ્રેશન ગણાવ્યું હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને, હાલની અરજી હવે આર્બિટ્રેશન એક્ટની કલમ ૯ હેઠળ આ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી છે.

૩. તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ કરારના અનુસંધાને સામાવાળા નં.૧ અને ૨ વચ્ચે એક લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપની સ્થાપના કરવામાં આવી હતી. વધારાના કરારના પાલન પર તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ હાલના અરજદાર લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (એલએલપી) ના ભાગીદાર બન્યા હતા. આમ, અરજદાર અને સામાવાળાઓ લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપના ભાગીદારો છે. અરજદાર દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે કરારના પાલન વખતે, પેઢીનું મૂલ્યાંકન માત્ર રૂ. ૦૫.૦૦ લાખ હતું, જેમાં સામાવાળા નં.૧ દ્વારા રૂ. ૦૨.૨૫ લાખની રકમનું યોગદાન આપવાનું હતું અને બાકીની રકમ સામાવાળા નં.૨ અને ૩ દ્વારા આપવાની હતી. અરજદારનો એવો કેસ છે કે તેઓ ભાગીદારી પેઢીમાં નોંધપાત્ર રકમ લાવ્યા હતા.

૩.૧ અરજદાર, જેઓ પોતાનો પરિચય એક નિવૃત્ત આર્મી ઓફિસર અને ઓમાન દેશમાં સ્થાયી થયેલા બિન–નિવાસી ભારતીય તરીકે આપે છે, તેમણે જણાવ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૧૪ ના મહિનામાં જ્યારે તેઓ તેમના વ્યવસાયિક સહયોગીઓ દ્વારા આમંત્રિત કરવામાં આવતા ભારત આવ્યા હતા, ત્યારે અરજદાર સામાવાળા નં.૧ ના સંપર્કમાં આવ્યા હતા. અરજદારનો એવો કેસ છે કે સામાવાળા નં.૧ એ પોતાને બિઝનેસ એમ્પાયરના માલિક તરીકે દર્શાવી ગુલાબી ચિત્ર રજૂ કર્યું હતું અને કાઈનેટ્રિક્સ બિઝનેસ કંપનીમાં તેમનો મોટો હિસ્સો હતો. અરજદારના જણાવ્યા મુજબ, તેઓ સામાવાળા નં.૧ અને લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ ફર્મની વાસ્તવિક નાણાકીય ક્ષમતા અને વિશ્વસનીયતા વિશે અજાણ હતા. એવું જણાવવામાં આવ્યું હતું કે તેઓ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના ઉમેરા સાથે વાંચવામાં આવતા ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના કરાર હેઠળ પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા.

૩.૧.૧ પેઢીનો વ્યવસાય, જેમાં પક્ષકારો ભાગીદાર બન્યા હતા, તે વિવિધ ક્ષેત્રોના ગ્રાહકો માટે ટેક્નો–માર્કેટિંગ નાણાકીય સલાહકારનો હતો. અરજદારના નિવેદન અનુસાર, પેઢીનો ઉપયોગ ટેકનિકલ, સિવિલ, નાણાકીય, વહીવટી, માર્કેટિંગ, પ્લાન્ટ અને મર્ચેન્ડાઈઝ વગેરેનો સમાવેશ કરતા ટર્ન–કી પ્રોજેક્ટ્સ પર કોઈ કરાર કરવા માટે થતો હતો. અરજદારે જણાવ્યું હતું કે તેમણે પેઢીમાં રૂ. ૪૫.૦૦ કરોડનું યોગદાન આપવું જરૂરી હતું જે તેમનો ૨૦% શેર હોલ્ડિંગ થશે અને

અરજદારના યોગદાનથી પેઢીના મૂલ્યમાં નોંધપાત્ર વધારો થયો હતો. અરજદારે જણાવ્યું હતું કે માર્ચ, ૨૦૧૫ થી તેમણે પેઢીમાં પોતાના મૂડી યોગદાનની ચુકવણી શરૂ કરી દીધી હતી. ૧૮મી મે, ૨૦૧૬ ના રોજ લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (એલએલપી) કરારના બીજા ઉમેરા પર સહી કરવામાં આવી હતી.

૩.૧.૨ અરજદારે આક્ષેપ કર્યો હતો કે માર્ચ, ૨૦૧૫ અને ઓક્ટોબર, ૨૦૧૫ ની વચ્ચે, સામાવાળા નં.૧ એ અરજદાર અને અન્ય ભાગીદારોની જાણ વગર પેઢીના ખાતામાંથી ફંડ ટ્રાન્સફર અને રોકડ ઉપાડ દ્વારા પેઢીના બેંક ખાતામાંથી નાણાંનો દુરુપયોગ કર્યો અને તબદીલ કરી લીધા. એલએલપીના કરારથી વિપરીત હોવાનો સામાવાળા નં.૧ સામે સંખ્યાબંધ કૃત્યો અને ભૂલોનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અરજદાર દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સામાવાળા નં.૨, જેઓ સ્થાપક ભાગીદારોમાંના એક હતા, સામાવાળા નં.૧ સાથે મળી ગયા હતા અને પેઢી તેમજ અરજદારના હિતોની વિરુદ્ધ દ્વેષપૂર્ણ વર્તન કરવાનું શરૂ કર્યું હતું. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પેઢી પાસે જે નાણાં આવ્યા હતા તે અન્ય ભાગીદારો દ્વારા કરવામાં આવેલા રૂ. ૦૫.૦૦ લાખના પ્રારંભિક યોગદાન ઉપરાંત, અરજદાર દ્વારા યોગદાન આપવામાં આવેલી રૂ. ૭૫.૦૦ કરોડની રકમ જ હતી. અરજીના મેમોરેન્ડમમાં પેઢીના નાણાકીય હિતોને નુકસાન પહોંચાડીને ભંડોળનો કેવી રીતે દુરુપયોગ કરવામાં આવ્યો અથવા તબદીલ કરવામાં આવ્યો તે અંગે આક્ષેપ કરવા માટે વિધાનો કરવામાં આવ્યા છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે

સામાવાળા નં.૧ એ સામાવાળા નં.૨ ની મિલીભગતથી રૂ. ૨૧.૧૮ કરોડની મોટી રકમની ગોલમાલ કરી હતી. આ આદેશમાં, વર્ણનને ભારી ન બનાવવા માટે તે આક્ષેપોને વિગતવાર આપવામાં આવ્યા નથી.

૩.૧.૩ સામાવાળા નં.૧ એ ભાગીદારી પેઢીના બેંક ખાતામાંથી કપટપૂર્વક કામ કર્યું હતું અને નાણાંનો દુરુપયોગ કર્યો હતો તેવા આક્ષેપ પર અરજદાર અને સામાવાળા નં.૨ અને ૩ દ્વારા ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૬ ના સંકલ્પ–સહ–પત્ર દ્વારા પેઢીમાંથી ભાગીદાર તરીકે સામાવાળા નં.૧ ને હાંકી કાઢવામાં આવ્યા હતા. સામાવાળા નં.૧ ની હકાલપટ્ટી તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૬ ની ભાગીદારી પેઢીની બેઠકની મિનિટ્સમાં નોંધવામાં આવી હતી.

૩.૨ તે પછી જે ઘટનાઓ બની તે નીચે મુજબ હતી.

(૧) સામાવાળા નં.૧ એ ૦૮મી નવેમ્બર, ૨૦૧૬ ના રોજ એક્ટની કલમ ૯ હેઠળ કોમર્શિયલ કોર્ટ, અમદાવાદ સમક્ષ વચગાળાના રક્ષણના પગલાં માટે સિવિલ મિસલેનિયસ એપ્લિકેશન નં.૧૧૧/૨૦૧૬ દાખલ કરી હતી. તે હેઠળ અરજદાર તેમજ સામાવાળા નં.૨ અને ૩ સામે રાહતનો દાવો કરવામાં આવ્યો હતો.

(૨) ૧૦મી નવેમ્બર, ૨૦૧૬ ના રોજ અરજદાર તેમજ સામાવાળા નં.૨ અને ૩ એ સંયુક્ત રીતે ભાગીદારી કરાર હેઠળ આર્બિટ્રેશન કલમનો આશરો લીધો હતો અને સર્વોચ્ચ અદાલતના માનનીય ન્યાયાધીશ (નિવૃત્ત) ની તેમના નામાંકિત આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરી હતી, જેમાં મંજૂરીની માગણી કરવામાં આવી હતી અને/અથવા સામાવાળાને સહ-આર્બિટ્રેટર નિયુક્ત કરવા માટે કહેવામાં આવ્યું હતું.

(૩) આમાંના અરજદારે સામાવાળા નં.૧ દ્વારા કથિત રીતે દુરુપયોગ કરવામાં આવેલી રકમ માટે કોર્ટમાં જામીનગીરી જમા કરાવવા વગેરે અંગે સામાવાળા નં.૧ વિરુદ્ધ નિર્દેશો મેળવવા માટે કોમર્શિયલ કોર્ટ એટલે કે સિટી સિવિલ કોર્ટ, અમદાવાદ સમક્ષ આર્બિટ્રેશન એક્ટની કલમ ૯ હેઠળ સિવિલ મિસલેનિયસ એપ્લિકેશન નં.૧૧૯/૨૦૧૬ દાખલ કરી હતી. સદર અરજી પાછળથી પરત ખેંચી લેવામાં આવી હતી.

(૪) સામાવાળા નં.૧ દ્વારા દાખલ કરવામાં આવેલી અગાઉ દર્શાવેલ સિવિલ મિસલેનિયસ એપ્લિકેશન નં.૧૧૧/૨૦૧૬ ની સુનાવણી દરમિયાન, સામાવાળા નં.૨ એ સામાવાળા નં.૧ નો પક્ષ લેવાનું પસંદ કર્યું. સામાવાળા નં.૨ દ્વારા વિરોધાભાસી વલણ અપનાવવાનો આક્ષેપ કરીને, અરજદારે સામાવાળા નં.૧ અને ૨ સામે ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ ૩૪૦ હેઠળ અરજી દાખલ કરી હતી અને ફોજદારી ફરિયાદ પણ દાખલ કરી હતી, જેના માટે ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ એફ.આઈ.આર. નોંધવામાં આવી હતી.

(૫) સામાવાળા નં.૧ ની કલમ ૯ હેઠળની અરજી એટલે કે સિવિલ મિસલેનિયસ એપ્લિકેશન નં.૧૧૧/૨૦૧૬ ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ રદ કરવામાં આવી હતી. ત્યારબાદ સદર આદેશ સામે એક્ટની કલમ ૩૭ હેઠળ કરાયેલી અપીલ આ કોર્ટ દ્વારા ૦૪થી મે, ૨૦૧૭ ના રોજ ફગાવી દેવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલત દ્વારા સ્પેશિયલ લીવ પિટિશન રદ કરવામાં આવી હતી.

૩.૩ ઉપર મુજબ અરજદાર દ્વારા આર્બિટ્રેટરના નામાંકનના જવાબમાં સામાવાળા નં.૧ અને ૨ એ બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશની તેમના નામાંકિત આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરી હતી. આ નામાંકિત આર્બિટ્રેટરે ૧૬મી જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ અથવા તેની આસપાસ આર્બિટ્રેશન કાર્યવાહીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. અરજદારે ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ સામાવાળા નં.૧ ને અન્ય સહ–આર્બિટ્રેટરની નિમણૂક કરવા જણાવ્યું હતું. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ સામાવાળા નં.૧ એ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની સહ–આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરી. અરજદાર દ્વારા નામાંકિત આર્બિટ્રેટર અને સામાવાળા નં.૧ દ્વારા નામાંકિત આર્બિટ્રેટર ૩૦ દિવસની નિર્ધારિત મુદતમાં પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની નિમણૂક કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

૩.૩.૧ તેથી, અરજદારે સુપ્રીમ કોર્ટ સમક્ષ એક્ટની કલમ ૧૧ હેઠળ અરજી દાખલ કરી. સુપ્રીમ કોર્ટે આર્બિટ્રેશન પિટિશન નં.૧૪/૨૦૧૭ માં

તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૭ ના આદેશ દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરી. તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૧૭ ના સદર આદેશમાં જ સર્વોચ્ચ અદાલત દ્વારા આર્બિટ્રેશનને આંતરરાષ્ટ્રીય વાણિજ્યિક આર્બિટ્રેશન ગણવામાં આવ્યું હતું. આમ, ઉપર મુજબના ત્રણ સભ્યો સાથે આર્બિટ્રલ ટ્રિબ્યુનલની રચના થઈ. તેણે ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ પોતાની પ્રથમ બેઠક યોજીને આર્બિટ્રેશન કાર્યવાહીની સુનાવણી શરૂ કરી.

૩.૩.૨ પ્રથમ સુનાવણીના તે જ દિવસે, એટલે કે ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ, અરજદાર – દાવેદારે એક્ટની કલમ ૧૭ હેઠળ આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ વચગાળાના રક્ષણ માટે અરજી કરી. તે હેઠળ અરજદાર – દાવેદારે સામાવાળા નં.૧ અને ૨ સામે વિવિધ રાહતો માંગી હતી. આ રાહતો કલમ ૯ હેઠળની હાલની અરજીમાં માગવામાં આવેલી રાહતોને સમાન હતી. ત્યારબાદ આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ નીચે મુજબના સોગંદનામા દાખલ કરવામાં આવ્યા હતા – (૧) દસ્તાવેજો સાથે દાવેદાર દ્વારા દાખલ કરવામાં આવેલી એક્ટની કલમ ૧૭ હેઠળની અરજી, (૨) દાવેદાર દ્વારા દાખલ કરાયેલી કલમ ૧૭ ની અરજીના સમર્થનમાં વધારાના દસ્તાવેજો, (૩) દાવેદાર દ્વારા દાખલ કરાયેલા સમર્થક દસ્તાવેજો સાથેનો સ્ટેટમેન્ટ ઓફ ક્લેમ, (૪) સામાવાળા નં.૨ દ્વારા દાખલ કરવામાં આવેલી એક્ટની કલમ ૧૭ હેઠળની અરજી, જેને સામાવાળા નં.૨ એ દાવેદારની કલમ ૧૭ ની અરજી સામે તેમનો જવાબ ગણવા પણ માગણી કરી હતી, (૫) સામાવાળા નં.૨ દ્વારા દાખલ

કરાયેલી સામાવાળા નં.૨ ની કલમ ૧૭ ની અરજીના સમર્થનમાં દસ્તાવેજો, (૬) અમુક દસ્તાવેજો સાથે સામાવાળા નં.૧ દ્વારા દાખલ કરાયેલ દાવેદારની કલમ ૧૭ ની અરજીનો જવાબ અને (૭) સામાવાળા નં.૨ દ્વારા દાખલ કરાયેલ દાવેદારના સ્ટેટમેન્ટ ઓફ ક્લેમનો જવાબ.

૩.૩.૩ આમ, અરજદાર દ્વારા આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ કલમ ૧૭ હેઠળ અરજી દાખલ કરવામાં આવી હતી અને સામાવાળા નં.૧ એ પણ તેમની કલમ ૧૭ ની અરજી અલગથી દાખલ કરી હતી. આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ વિવિધ પક્ષકારો દ્વારા કલમ ૧૭ હેઠળ બે અરજીઓ કરવામાં આવી હતી અને તેમાં જવાબો દાખલ કરવામાં આવ્યા હતા.

૩.૩.૪ અરજદારે જણાવ્યું છે કે આર્બિટ્રેશનમાં સુનાવણી ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૭, ૦૩જી ઓક્ટોબર, ૨૦૧૭, ૧૫મી ઓક્ટોબર, ૨૦૧૭, ૨૨મી ઓક્ટોબર, ૨૦૧૭ અને ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ થઈ હતી અને અરજદાર – દાવેદારની કલમ ૧૭ હેઠળની અરજી પરની દલીલો આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા સાંભળવામાં આવી હતી. ટ્રિબ્યુનલે સદર કલમ ૧૭ ની અરજીમાં આદેશનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ તબક્કે, સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૪મી એપ્રિલ, ૨૦૧૭ ના આદેશથી જે પ્રિસાઇડિંગ આર્બિટ્રેટરની નિમણૂક કરવામાં આવી હતી, તેમણે ૧૧મી નવેમ્બર, ૨૦૧૭ ના ઇ–મેઇલ સંદેશાવ્યવહાર દ્વારા આર્બિટ્રેશન કાર્યવાહીમાં ચાલુ રહેવાની પોતાની અસમર્થતા દર્શાવી હતી.

૩.૩.૫ પ્રિસાઈડિંગ આર્બિટ્રિટરની નિમણૂક અંગે નિર્ણય લેવામાં સહ– આર્બિટ્રિટરો નિષ્ફળ જતાં, અરજદારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો. ૦૪થી ડિસેમ્બર, ૨૦૧૭ ના આદેશથી સર્વોચ્ચ અદાલતે સુપ્રીમ કોર્ટના અન્ય નિવૃત્ત ન્યાયાધીશની નવા પ્રિસાઈડિંગ આર્બિટ્રિટર તરીકે નિમણૂક કરી. એવું જણાવી શકાય કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ દર્શાવેલ ૦૪થી ડિસેમ્બર, ૨૦૧૭ ના આદેશથી જે પ્રિસાઈડિંગ આર્બિટ્રિટરની નિમણૂક કરવામાં આવી હતી, તેમની સામે અરજદારે તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ પત્ર લખીને પાછળના તબક્કે આક્ષેપો કર્યા હતા, જેની વિગતો અહીં પાછળથી આપવામાં આવી છે. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭ ના આદેશ દ્વારા, પુનઃગઠિત આર્બિટ્રલ ટ્રિબ્યુનલે અરજદાર દ્વારા દાખલ કરાયેલી કલમ ૧૭ હેઠળની અરજીની ફરીથી સુનાવણી માટેનો સમયપત્રક નક્કી કર્યો.

૩.૩.૬ ખાસ નોંધનીય છે કે, ૦૨જી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ અરજદાર – દાવેદારની એક્ટની કલમ ૧૭ હેઠળની અરજી સાંભળવામાં આવી હતી અને આર્બિટ્રલ ટ્રિબ્યુનલ દ્વારા આદેશ અનામત રાખવામાં આવ્યો હતો. ત્યારબાદની બેઠકોમાં જે ૧૭મી, ૧૮મી અને ૧૯મી ડિસેમ્બરના રોજ નક્કી કરવામાં આવી હતી, તેમાં કાનલ આર. કે. સિંહ નામના દાવેદારના સાક્ષીની ઉલટતપાસ અધવચ્ચે હતી. ત્યારપછી ટૂંક સમયમાં જ ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ અરજદાર – દાવેદારે અગાઉ દર્શાવેલ પત્ર લખીને તે સમયે રચાયેલી ટ્રિબ્યુનલના સભ્યો સામે આક્ષેપો કર્યા હતા,

જેના લીધે સહ–આર્બિટ્રેટર અને પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું.

૩.૩.૭ ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ અરજદારના નામાંકિત આર્બિટ્રેટર શ્રી એન્ડ્રે ચીપે શ્રી વિનાયક પ્રધનને પત્ર લખીને સદર શ્રી પ્રધનને પોતાના વતી તેમજ અન્ય સહ–આર્બિટ્રેટર માનનીય ન્યાયમૂર્તિશ્રી જી. ટી. નાણાવટી (નિવૃત્ત) વતી પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર તરીકે કામ કરવા વિનંતી કરી હતી. સદર શ્રી વિનાયક પ્રધને તે જ દિવસે, એટલે કે ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ, પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર તરીકેની નિમણૂકનો સ્વીકાર કર્યો.

૩.૩.૮ એ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ હતું કે એક્ટની કલમ ૯ હેઠળ રક્ષણના વચગાળાના પગલાં માટે આ કોર્ટ સમક્ષ હાલની અરજી દાખલ કરવામાં આવી હતી, જે ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ નોંધવામાં આવી હતી.

૩.૪ હાલની અરજીના રેકોર્ડ પરના આંકડા (એનેક્ચર–પીપ૪, પેજ ૭૭૯), અરજદાર – દાવેદારના વકીલ દ્વારા આર્બિટ્રલ ટ્રિબ્યુનલના ત્રણ સભ્યોને સંબોધવામાં આવેલ ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ નો વિગતવાર પત્ર દર્શાવે છે. આ પત્રમાં, પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર – સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયાધીશ (નિવૃત્ત) જેઓ સુપ્રીમ કોર્ટ દ્વારા ૦૪થી ડિસેમ્બર, ૨૦૧૭

ના રોજ નિમણૂક પામ્યા હતા તેમની સામે પરોક્ષ, જો સીધા નહીં તો, આક્ષેપો કરવામાં આવ્યા હતા. સદર પત્રની વિગતો પછીના ફકરાઓમાં વિગતવાર જણાવવામાં આવી છે.

૩.૪.૧ અગાઉ દર્શાવેલ ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના પત્રમાં, અરજદાર – દાવેદારે અગાઉના ભાગમાં આર્બિટ્રેશનનો ઈતિહાસ અને આર્બિટ્રલ ટ્રિબ્યુનલની રચનાનું વર્ણન કર્યું હતું કે, આર્બિટ્રેશન પિટિશન નં.૧૪/૨૦૧૭ માં સર્વોચ્ચ અદાલત દ્વારા પસાર કરવામાં આવેલા આદેશ મુજબ ૨૪મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ આર્બિટ્રલ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી, જેમાં સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયાધીશ (નિવૃત્ત) ની પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી જ્યારે સુપ્રીમ કોર્ટના અન્ય બે માનનીય ન્યાયાધીશો (નિવૃત્ત) સહ– આર્બિટ્રેટરો હતા. એવું જણાવવામાં આવ્યું હતું કે સામાવાળા નં.૧ અને ૨ એ અગાઉ સિટી સિવિલ કોર્ટ સમક્ષ આર્બિટ્રેશન એક્ટની કલમ ૯ હેઠળ સિવિલ મિસલેનિયસ એપ્લિકેશન નં.૧૧૯/૨૦૧૬ દાખલ કરી હતી, જે પરત ખેંચી લેવામાં આવી હતી અને ત્યારબાદ સામાવાળા નં.૧ અને ૨ દ્વારા કલમ ૧૭ હેઠળ અરજી દાખલ કરવામાં આવી હતી, કે આ અરજી પર ઓક્ટોબર, ૨૦૧૭ ના મહિના દરમિયાન વિગતવાર સુનાવણી કરવામાં આવી હતી અને ટ્રિબ્યુનલે એક્ટની કલમ ૧૭ હેઠળની તે અરજીમાં ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. એવું જણાવવામાં આવ્યું હતું કે ત્યાર પછી ટૂંક સમયમાં જ તત્કાલીન પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે ટ્રિબ્યુનલમાંથી રાજીનામું આપી દીધું

હતું, ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ૦૪થી ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ અન્ય પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની નિમણૂક કરી જેઓ સુપ્રીમ કોર્ટના અન્ય માનનીય ન્યાયાધીશ (નિવૃત્ત) હતા, અને નવા પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે અરજદારની કલમ ૧૭ હેઠળની અરજીની સુનાવણી માટે સમયપત્રક નક્કી કર્યું હતું. જોકે, અરજદારના જણાવ્યા મુજબ, લાંબી તારીખ આપવામાં આવી હતી.

૩.૪.૨ અરજદાર દ્વારા આગળ એવું જણાવવામાં આવ્યું હતું કે સામાવાળા નં.૧ પેઢીની તરફેણમાં જમીનના અમુક ટુકડાઓ મેળવીને રૂ. ૧૭.૦૦ કરોડ સુરક્ષિત કરવા માંગતા હતા, અને દાવેદારના વાંધાઓ છતાં, ટ્રિબ્યુનલે સામાવાળા નં.૧ ને પેઢીના નામે જમીનના ટુકડાઓ મેળવવા અને આવી રકમ સુરક્ષિત કરવા માટે જરૂરી પગલાં લેવાની મંજૂરી આપી હતી. ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના સદર પત્રવ્યવહારના ફકરા ૧૫ માં દાવેદાર દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, "એ પણ નોંધપાત્ર છે કે સામાવાળા નં.૧ અને ૨ એ દાવેદારની કલમ ૧૭ ની અરજી તેમજ મુખ્ય આર્બિટ્રેશન કાર્યવાહીના નિર્ણયમાં વિલંબ કરવા માટે તમામ ઉપાયોનો ઉપયોગ કર્યો છે". એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સામાવાળા નં.૧ અને ૨ એ સમય માંગ્યો હતો અને ફકરા ૧૬ માં વધુમાં જણાવ્યું હતું કે, "જોકે, આ માનનીય ટ્રિબ્યુનલ સામાવાળા નં.૧ ને આર્બિટ્રેશન કાર્યવાહીમાં વિલંબ કરતા અને લંબાવતા રોકવા માટે અસમર્થ હતી ... ... ...", અને વધુમાં કે "માનનીય ટ્રિબ્યુનલે સામાવાળા નં.૧ ને કોઈ નિર્દેશો આપ્યા ન હતા અને સામાવાળા નં.૧ ના

જવાબની રાહ જોવામાં આ બે મહિનાનો સમય વિતાવ્યો હતો". ત્યારબાદ અરજદાર દ્વારા એવું જણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે જે જમીનના ટુકડાઓ સામાવાળા નં.૧ પેઢી માટે લાવવા માંગતા હતા તેનું મૂલ્ય સૂચવ્યા મુજબ રૂ. ૧૭.૦૦ કરોડ કરતાં ઘણું ઓછું હતું. અરજદારે ચતુર ભાષામાં સૂચવ્યું કે પક્ષકારો દ્વારા કરવામાં આવેલી વિગતવાર દલીલો પછી પણ, ટ્રિબ્યુનલે સામાવાળા નં.૨ ના તુચ્છ અને વિલંબિત ઇ–મેઇલની નોંધ લીધી. તે દ્વારા એવું સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે આર્બિટ્રલ ટ્રિબ્યુનલ કાર્યવાહીને લંબાવવામાં ભાગીદાર હતી.

૩.૪.૩ ઘટનાઓનું વર્ણન કર્યા પછી અને ટ્રિબ્યુનલની કામગીરી સામે પરોક્ષ સૂચન કર્યા પછી અને કલમ ૧૭ ની અરજીઓની સુનાવણીમાં વિલંબ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યા પછી, અરજદાર – દાવેદારે પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની અંગત અક્ષમતા વગેરે વિશેના આક્ષેપો તરફ ધ્યાન દોર્યું. અરજદાર દ્વારા પત્રના ફકરા ૨૪ માં આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું કે, "આ સમય સુધીમાં, દાવેદારને એ સ્પષ્ટ થઈ ગયું હતું કે પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર કમનસીબે સ્વસ્થ ન હતા અને દલીલો વગેરે યાદ રાખવા માટે અસમર્થ હતા....". વિદ્વાન પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર, ખરાબ સ્વાસ્થ્યના કારણે, દાવેદારની કલમ ૧૭ ની અરજી પર સાંભળવામાં આવેલી દલીલો યાદ રાખી શક્યા ન હોવાથી, મામલો અસરકારક રીતે ગુણદોષ પર ફરીથી વિગતવાર સાંભળવામાં આવ્યો હતો અને ૦૨જી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ આદેશ ફરીથી અનામત રાખવામાં આવ્યો હતો.

૩.૪.૪ એવું જણાવવામાં આવ્યું હતું કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવનાર આર્બિટ્રલ એવોર્ડની સમયમર્યાદા ૧૨ મહિનાની હતી, જે ૦૫મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી; જોકે, ટ્રિબ્યુનલ એક્ટની કલમ ૧૭ હેઠળની દાવેદારની અરજીનો નિર્ણય કરવામાં નિષ્ફળ રહી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ટ્રિબ્યુનલ સામાવાળા નં.૧ અને ૨ ની તરફેણમાં કામ કરી રહી હતી, જે પત્રના ફકરા ૨૭ માં દર્શાવ્યા મુજબ છે, "સામાવાળા નં. ૧ અને ૨ પ્રત્યે માનનીય ટ્રિબ્યુનલની અયોગ્ય નમ્રતાના કારણે મુખ્ય આર્બિટ્રેશન કાર્યવાહીમાં વિલંબ થયો છે, જેમાં સામાવાળા નં. ૧ અને ૨ ને આવી છૂટછાટ આપવા માટે કોઈ પર્યાપ્ત કારણ વિના તેમના અનુરૂપ સોગંદનામા દાખલ કરવા માટે સંખ્યાબંધ તકો આપવામાં આવી છે તેમજ લગભગ દરેક પૂર્વ–નિર્ધારિત સુનાવણી વખતે મુલતવી રાખવાની વારંવારની વિનંતીઓને ગ્રાહ્ય રાખવામાં આવી છે.". અરજદારે ટ્રિબ્યુનલ સામે વધુમાં પરોક્ષ આક્ષેપો કર્યા હતા, સંબંધિત વાક્ય પત્રના ફકરા ૨૮ માંથી અહીં પુનઃપ્રકાશિત કરવામાં આવ્યું છે – "આ લાંબો વિલંબ એ પરિસ્થિતિ દ્વારા વધુ જટિલ બન્યો છે કે માનનીય ટ્રિબ્યુનલ સામાવાળા નં. ૧ અને ૨ વિરુદ્ધ સમયે–સમયે જારી કરાયેલા પોતાના નિર્દેશોનો અમલ કરાવવામાં અને ટ્રિબ્યુનલ દ્વારા પોતે જ નક્કી કરાયેલા સમયપત્રકનું પાલન કરવામાં અસમર્થ રહી છે, જેનું એકમાત્ર કારણ માનનીય ટ્રિબ્યુનલ દ્વારા સામાવાળા નં. ૧ અને ૨ પ્રત્યે દર્શાવવામાં આવેલી અનાવશ્યક નમ્રતા છે, જેઓ સાથે સ્પષ્ટ પસંદગી અને તેમના લાભ માટે વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.".

૩.૪.૫ એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે લાંબી તારીખો આપી હતી અને અરજદાર દ્વારા કરવામાં આવેલી કલમ ૧૭ હેઠળની અરજી પરના નિર્ણયની સુનાવણી લંબાવી રહ્યા હતા. આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સામાવાળા નં.૧ અને ૨ સાથે અસમાન વ્યવહાર કરી રહી હતી અને તેમના લાભ માટે કામ કરી રહી હતી. આવા કેવળ આક્ષેપોના આધારે, અરજદાર દ્વારા એવું સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે ટ્રિબ્યુનલની આવી કામગીરીના કારણે, એક્ટની કલમ ૧૭ હેઠળની તેમની અરજી પરિણામ સુધી પહોંચી ન હતી. અરજદાર દ્વારા એવી દલીલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે આ તમામ બાબતોના કારણે, આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ અરજદારે અગાઉથી જ મેળવેલ એક્ટની કલમ ૧૭ હેઠળનો ઉપાય નિષ્ફળ બની ગયો હતો.

૩.૪.૬ ત્યારપછી અરજદારે જણાવ્યું હતું કે ટ્રિબ્યુનલ ન્યાયી રીતે ન્યાય આપવવામાં નિષ્ફળ રહી છે. અરજદાર – દાવેદારે એક્ટની કલમ ૨૯(એ) (૩) હેઠળ વિચારણા કર્યા મુજબ આર્બિટ્રલ ટ્રિબ્યુનલ માટે સમયગાળો વધારવા માટે પોતાની સંમતિ આપી ન હતી. પૃષ્ઠભૂમિમાં અને પત્રની વિગતો, પરોક્ષ ઈશારા અને આક્ષેપો, પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ, ના આધારે, અરજદારે પત્રમાં "પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની કામ કરવાની અક્ષમતા" શીર્ષક હેઠળ ફકરા ૩૨ થી ૩૬ સમર્પિત કર્યા અને જણાવ્યું કે દાવેદાર દ્વારા જે જણાવવામાં આવ્યું છે તેને ધ્યાનમાં રાખીને પ્રિસાઈડિંગ

આર્બિટ્રેટરે પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર તરીકે આર્બિટ્રેશન કાર્યવાહીમાંથી પોતાને પાછા ખેંચી લેવાયેલા ગણવા જોઈએ.

૩.૫ સામાવાળાઓ ચોક્કસપણે ભારપૂર્વક અને સ્પષ્ટપણે રજૂઆત કરશે કે આર્બિટ્રલ ટ્રિબ્યુનલના વર્તન અને ક્ષમતા પરના અને પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરના સંદર્ભમાં તમામ આક્ષેપો અપ્રમાણિત હતા, કોઈપણ સામગ્રી દ્વારા સમર્થિત ન હતા અને તે માત્ર કાગળ પરના નિવેદનો હતા જે પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર સામે કરવા ખાતર કરવામાં આવેલા પરોક્ષ ઈશારા અને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ આક્ષેપો હતા, જેઓ સર્વકાલીન પ્રામાણિકતા, કટિબદ્ધતા અને શિસ્ત ધરાવતી વ્યક્તિ હતા.

૩.૬ જ્યારે અગાઉ દર્શાવેલ પત્ર ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ સંબોધવામાં આવ્યો હતો, ત્યારે તેણે સહ–આર્બિટ્રેટરોમાંથી એક, જેઓ અરજદારના નામાંકિત હતા, તેમની તરફથી તાત્કાલિક પ્રતિક્રિયા આકર્ષિત કરી. સહ–આર્બિટ્રેટરે ૨૯મી નવેમ્બર, ૨૦૧૮ ના પત્ર દ્વારા પોતાનું રાજીનામું આપ્યું અને તાત્કાલિક અસરથી ટ્રિબ્યુનલમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું. તેમાં ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના પત્રની વિગતોનો ઉલ્લેખ કરીને જણાવવામાં આવ્યું હતું કે આક્ષેપો સમગ્ર ટ્રિબ્યુનલ સામે હતા.

૩.૭ ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના અગાઉ દર્શાવેલ પત્ર સંબોધવામાં અરજદાર તરફથી થયેલ વર્તન અને સામાન્ય રીતે આર્બિટ્રલ ટ્રિબ્યુનલ પર અને વિશેષ કરીને પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર સામે પરોક્ષ ઈશારા અને આક્ષેપો, પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ, કરવામાં તેમની સંડોવણીના લીધે વિદ્ધાન પ્રિસાઈડિંગ આર્બિટ્રેટર – સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયાધીશ (નિવૃત્ત) તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી. પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે અરજદાર દ્ધારા તેમના અગાઉ દર્શાવેલ પત્રમાં તેમની સામે કરાયેલા તમામ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પરોક્ષ ઈશારા અને આક્ષેપોનો સામનો કરવા અને તેને નકારવા માટે ૦૧લી ડિસેમ્બર, ૨૦૧૮ નો પત્ર સંબોધ્યો. પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરનો ૦૧લી ડિસેમ્બર, ૨૦૧૮ નો જવાબ આ કાર્યવાહીના રેકોર્ડ પર છે (એનેક્ચર–પીપ૬, પેજ ૭૯૨).

૩.૭.૧ પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરના ૦૧લી ડિસેમ્બર, ૨૦૧૮ ના જવાબના પત્રવ્યવહારે અરજદાર દ્ધારા લગાવવાનો પ્રયાસ કરાયેલા તમામ બેફામ આક્ષેપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા. એવું જણાવવામાં આવ્યું હતું કે અરજદારને પોતાના પક્ષમાં આદેશ મેળવવા માટે અફવાજનક નિવેદનો અને આક્ષેપો કરવાની ટેવ હોઈ શકે છે. એવું જણાવવામાં આવ્યું હતું કે, “ખાતરી રાખો કે આવા અફવાજનક નિવેદનો અને આક્ષેપો માનનીય સુપ્રીમ કોર્ટના ત્રણ નિવૃત્ત ન્યાયાધીશોની બનેલી ટ્રિબ્યુનલ સમક્ષ બહુ ગણાશે નહીં”. તમામ આક્ષેપોને નકારી કાઢવામાં આવ્યા હતા. ઈનકારની વિગતોનું પુનરાવર્તન જરૂરી માનવામાં આવતું નથી.

પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે આખરે ચાલુ રાખવા માટે પોતાની અનિચ્છા દર્શાવી અને આર્બિટ્રેશનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું.

૩.૭.૨ ત્યારબાદ અરજદાર દ્વારા પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરને સંબોધિત ૦૩જી ડિસેમ્બર, ૨૦૧૮ નો અન્ય એક પત્રવ્યવહાર થયો જેમાં તેમના અગાઉના ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના પત્રમાં રેખાંકિત કરવામાં આવ્યું હતું કે (૧) સામાવાળા નં.૧ અને ૨ નું વર્તન અને આર્બિટ્રેશન કાર્યવાહીમાં સામાવાળા નં.૧ અને ૨ સાથે તેમના લાભ માટે કરવામાં આવી રહેલો અસમાન વ્યવહાર અને (૨) સામાન્ય આરોગ્યની સ્થિતિ અને તે અંગેની ચિંતાઓ, વધુમાં જણાવવા માટે કે ટ્રિબ્યુનલનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું છે અને રાજીનામું આપનાર પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની ગેરહાજરીમાં ટ્રિબ્યુનલ દ્વારા આગળ કોઈ આદેશ પસાર કરવામાં ન આવે. એવું જણાવવામાં આવ્યું હતું કે અરજદારે આર્બિટ્રલ ટ્રિબ્યુનલના પુનઃગઠન માટેના પગલાં લીધાં હતાં. આર્બિટ્રલ કાર્યવાહીના કાગળો પાછા એકત્રિત કરવામાં આવ્યા હતા.

૩.૮ ત્યારબાદ રાજીનામું આપનાર પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરની ઓફિસ અને આર્બિટ્રલ કાર્યવાહીના કાગળો પરત કરવા માટે અરજદાર વચ્ચે ૦૪થી ડિસેમ્બર, ૨૦૧૮, ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૮ અને ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૮ નો પત્રવ્યવહાર થયો. પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે આર્બિટ્રેશનના તમામ કાગળો અરજદારને પરત કર્યા.

૩.૮.૧ ઉપર દર્શાવેલ ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૮ ના પત્રવ્યવહારમાં, જે અરજદાર દ્વારા ચાલુ રહેલા સહ–આર્બિટ્રેટરને કરવામાં આવ્યો હતો, તેમાં અરજદાર દ્વારા એ બાબત તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે તેમના નામાંકિત આર્બિટ્રેટરે ૨૮મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ કાર્યવાહીમાંથી રાજીનામું આપી દીધું હતું અને પ્રિસાઈડિંગ આર્બિટ્રેટરે પણ ૦૧લી ડિસેમ્બર, ૨૦૧૮ થી આર્બિટ્રલ કાર્યવાહીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. અરજદારે સદર આદેશ વિશે પોતાના પત્રમાં એ જણાવવા માટે કહ્યું કે "કથિત "પ્રસ્તાવિત કારણસરનો આદેશ" ની કાયદાની નજરમાં કોઈ પવિત્રતા નથી અને આવા "પ્રસ્તાવિત કારણસરના આદેશ" ને અમલમાં મૂકવાનો કોઈપણ પ્રયાસ અરજદાર–દાવેદારના તારીખ ૨૮.૧૧.૨૦૧૮ ના પત્રની વિગતોને માત્ર પ્રોત્સાહન આપશે અને સમર્થન આપશે".

૩.૮.૨ તે ૨૬મી નવેમ્બર, ૨૦૧૮ ના પત્રમાં જ, અરજદારે જણાવ્યું હતું કે આર્બિટ્રલ ટ્રિબ્યુનલના પુનઃગઠનના હેતુ માટે ૦૩જી ડિસેમ્બર, ૨૦૧૮ ના પત્રમાં જણાવ્યા મુજબ જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા અને અરજદાર – દાવેદારે હાલની આર્બિટ્રલ કાર્યવાહીમાં શ્રી એન્ડ્રે ચીપ, એસસી ને તેમના નામાંકિત આર્બિટ્રેટર તરીકે નામાંકિત કર્યા હતા. એવું જણાવવામાં આવ્યું હતું કે સામાવાળાઓ અને તેમના સંબંધિત વકીલોને પણ આ સંદર્ભમાં પત્રવ્યવહાર મોકલવામાં આવ્યો હતો.

૩.૮.૩ અહીં એ યાદ કરી શકાય કે એક્ટની કલમ ૧૭ હેઠળની અરજદારની અરજીના સંદર્ભમાં બે આર્બિટ્રેટરોની ટીમ દ્વારા ડ્રાફ્ટ આદેશ અગાઉથી જ જારી કરવામાં આવ્યો હતો.

૪. અરજદાર માટે વિદ્વાન વકીલ શ્રી પાર્થ કોન્ટ્રાક્ટર સાથે વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી શાલીન મહેતા, સામાવાળા નં.૧ માટે વિદ્વાન વકીલ શ્રી જી. એચ. વીર્ક, સામાવાળા નં.૨ માટે વિદ્વાન વકીલ શ્રી હિમાંશુ દેસાઈ સાથે વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી નિરૂપમ નાનાવટી, સામાવાળા નં.૩ માટે વિદ્વાન વકીલ શ્રી એમ. એન. મારફતિયા અને સામાવાળા નં.૪ માટે વિદ્વાન વકીલ શ્રી પી. એમ. બુચને સાંભળવામાં આવ્યા.

૪.૧ અરજદાર માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે, પ્રાર્થનાઓ પર ભાર મૂકવા માટે, એ બાબતે સબમિટ કરવા માટે અરજીમાં કરેલા વિધાનો પર વ્યાપકપણે આધાર રાખ્યો હતો કે સામાવાળાઓએ પેઢીના અહિતમાં કામ કર્યું હતું અને ભંડોળનો બગાડ કરવામાં આવ્યો હતો અને ગોલમાલ કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે સામાવાળાઓ પેઢીમાં રૂ. ૦૫.૦૦ લાખની મર્યાદા સુધી નાણાં લાવ્યા હતા જ્યારે અરજદાર રૂ. ૪૫.૦૦ કરોડ લાવ્યા હતા. વિદ્વાન સિનિયર એડવોકેટે બેંક ખાતાઓ, રેમિટન્સ નોટ્સ, ટ્રાન્સફર નોટ્સ, બેંકનો પત્ર વગેરેનો સંદર્ભ આપ્યો, જેમાં અરજદારે પેઢી માટે રૂ. ૪૫.૦૦ કરોડથી વધુ રકમ આણી હોવા પર ભાર મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ત્યારબાદ તેમણે

રજૂઆત કરી કે સામાવાળાઓ દ્વારા તેમના પરિવારના સભ્યોની તરફેણમાં ગેરકાયદેસર તબદીલીઓ અને ઉપાડ કરવામાં આવ્યા હતા. અરજદારે આક્ષેપ કર્યો હતો કે તે તમામ કૃત્યો પેઢીના ભંડોળમાં ચેડા કરવા સમાન છે. તેમણે ૦૪થી મે, ૨૦૧૭ ના ફર્સ્ટ અપીલ નં.૬૬૮/૨૦૧૭ ના ચુકાદા પર આધાર રાખવા માંગણી કરી. રજૂઆતમાં એવો આક્ષેપ કરવાનો વધુ પ્રયાસ કરવામાં આવ્યો હતો કે સામાવાળા નં.૧ ના કહેવાથી પરોક્ષ વ્યવહારો થયા હતા.

૪.૧.૧ વિદ્વાન સિનિયર એડવોકેટે આગળ રજૂઆત કરી હતી કે જમીનો સંબંધિત સમજૂતી કરારો બનાવટી હતા અને કરારના મૂળભૂત આવશ્યક તત્વોને પૂર્ણ કરતા ન હતા. તેમણે એવું પણ સબમિટ કર્યું હતું કે આર્બિટ્રલ ટ્રિબ્યુનલ સમક્ષ કલમ ૧૭ ની અરજીની સુનાવણી દરમિયાન સામાવાળા નં.૧ દ્વારા જમીનના ટુકડાઓ જામીનગીરી તરીકે ઓફર કરવામાં આવ્યા હોવા છતાં, ઓફર કરવામાં આવેલી જમીન નકામી હતી અને જામીનગીરી તરીકે રહી શકે તેમ ન હતી અને સામાવાળાઓ દ્વારા દુરુપયોગ કરવામાં આવેલી રકમને અનુરૂપ ન હતી. એવું સબમિટ કરવામાં આવ્યું હતું કે જમીનનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું અને સામાવાળા નં.૧ એ જમીન મૂલ્યાંકનકાર વિશેની વિગતો આર્બિટ્રલ ટ્રિબ્યુનલને પૂરી પાડી ન હતી.

૪.૧.૨ અરજદાર માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે બિષ્ણુ કુમાર યાદવ વિ. એમ/એસ. એમ. એલ. સોની [૨૦૧૬ એસસીસી ઓનલાઇન

